# જે. ઝેડ. શાહ આટ્‌ર્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## Economics of Growth, Development & Planning : II

**તારીખ : ૨૮/૦૨/૨૦૧૯** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** નીચેના પ્રશ્નોનાં અતિ ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ દસ) (૨૦)

૧. સાધન-ઉત્પાદન વિશ્લેષણની લાક્ષણિકતાઓ જણાવો.

૨. મૂડી-ઉત્પાદન ગુણોત્તરનાં પ્રકારો જણાવો.

૩. મધ્યમ માર્ગીય ટેક્નોલોજી એટલે શું ?

૪. આર્થિક મોડેલના વિવિધ પ્રકારો દર્શાવો.

૫. સરેરાશ અને સીમાન્ત મુડી ઉત્પાદન ગુણોત્તર એટલે શું ?

૬. નવપ્રવર્તન અને સંશોધન વચ્ચે કયો તફાવત છે ?

૭. હેરોડ-ડોમર મૉડેલની ધારણાઓનો નિર્દેશ કરો.

૮. આર્થિક મૉડેલ એટલે શું ?

૯. નિયોજકના મુખ્ય પ્રકારોનો નિર્દેશ કરો.

૧૦. પ્રચ્છન્ન બેરોજગારીનું સ્વરૂપ જણાવો.

૧૧. સમતોલ વિકાસ્નો અર્થ સ્પષ્ટ કરો.

૧૨. સરેરાશ મૂડી - ઉત્પાદન ગુણોત્તર અને સીમાંત મૂડી-ઉત્પાદન ગુણોત્તર એટલે શું ?

૧૩. આર્થિક મૉડેલની વ્યાખ્યા આપો.

**પ્રશ્ન : ૨** આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં નવપ્રવર્તનનો શો ફાળો છે ? વિકાસશીલ દેશોમાં પ્રવર્તનો દર વધારવામાં કઈ સમસ્યાઓ નડે છે ? (૧૫)

**અથવા**

"અલ્પવિકસીત દેશોમાં અમર્યાદિત શ્રમના પુરવઠા દ્વારા મૂડીસર્જન શકય છે." આ વિધાનનું ટીકાત્મક પરીક્ષણ કરો.

**અથવા**

નિર્ણાયક લઘુત્તમ પ્રયાસ કોને કહેવાય ? અલ્પવિકસીત રાષ્ટ્રોના સંદર્ભમાં આ ખ્યાલની વિગતવાર સમજૂતી આપો.

**અથવા**

અસમતોલ વિકાસ એટલે શું ? અસમતોલ વિકાસની વ્યૂહરચના સમજાવી તેની મર્યાદાઓ જણાવો.

**અથવા**

શુમ્પીટર દ્વારા રજૂ કરવામાં આવેલ આર્થિક વૃદ્ધિના મૉડેલની સવિસ્તર ચર્ચા કરો.

**પ્રશ્ન : ૩** લેબેનસ્ટાઈન રોડાનના પ્રારંભિક શકિતશાળી પ્રયાસના સિદ્ધાંતનું ટીકાત્મક પરીક્ષણ કરો. (૧૫)

**અથવા**

સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે રેગ્નાર નર્કસની સમજૂતીની ટીકાત્મક ચર્ચા કરો.

**અથવા**

રોસ્ટવના આર્થિક વૃદ્ધિના તબક્કાઓ દર્શાવી તેની મર્યાદાઓ સ્પષ્ટ કરો.

**અથવા**

અમાર્યદિત શ્રમના પુરવઠાના સંદર્ભમાં પ્રો. લેવિસનાં વૃદ્ધિ મોડેલની ચર્ચા કરી મુખ્ય મર્યાદાઓનો નિર્દેશ કરો.

**અથવા**

રેગ્નાર નર્કસના પ્રચ્છન્ન બેરોજગારી તથા મૂડીસર્જન વિષયક વિચારો સવિસ્તર સમજાવો.

**અથવા**

આર્થિક વિકાસની મૂડી-ઉત્પાદન ગુણોત્તર પર શી અસર થાય છે તે સમજાવી મૂડી-ઉત્પાદન ગુણોત્તરને અસર કરતાં પરિબળો સમજાવો.

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)
## સંચાલન : સિદ્ધાંત અને વ્યવહાર

**તારીખ : ૦૧/૦૩/૨૦૧૯** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.**

પ્રશ્ન : ૧ ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. પરીવર્તન સંચાલનના હેતુઓ જણાવો.
૨. ટીમની વ્યાખ્યા આપો.
૩. સ્ટ્રોકિંગનો અર્થ સમજાવો.
૪. વિશ્વાસ દ્વારા સંચલાનનો અર્થ આપો.
૫. સશકિતકરણનો અર્થ આપો.

પ્રશ્ન : ૨ વિસંવાદીતાનાં પ્રકારોની ચર્ચા કરો. (૧૨)

**અથવા**

પ્રશ્ન : ૨ (અ) વ્યવસ્થાતંત્રીય પરિવર્તનના લક્ષણો જણાવો. (૦૭)

(બ) અસરકારક ટીમ રચનાની પ્રક્રિયાના તબકકા વર્ણવો. (૦૬)

પ્રશ્ન : ૩ (અ) વિશ્વાસ દ્વારા સંચાલનને અસર કરતાં પરિબળો જણાવો. (૦૭)

(બ) વિસંવાદીતા સંચાલનની પાંચ શૈલીઓ જણાવો. (૦૬)

**અથવા**

પ્રશ્ન : ૩ મુલ્ય પ્રવાહ સંચાલનની પ્રાથમિક અને ટેકારૂપ પ્રવૃતિઓ સમજાવો. (૧૩)

પ્રશ્ન : ૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈપણ એક) (૦૮)

૧. માર્મિક ક્ષમતા
૨. ધંધાકીય પ્રક્રિયાનું પુનઃ ઈજનેરીકરણ
૩. વિઝન અને મિશન વચ્ચે તફાવત

(બ) કેસ સ્ટડી : (૦૭)

વિશ્વા લિમિટેડ એક કોમ્પ્યુટર સોફ્ટવેરનું ઉત્પાદન કરતી ખાનગી કંપની છે. કંપની પાસે અધ્યતન ભૌતિક, માનવીય અને નાણાંકીય સાધનની સગવડ છે. કંપની માત્ર વ્યવસ્થાતંત્રની વૈધિક બાબતો પર જ ભાર મૂકે છે. જેને લીધે સંચાલકો અને મધ્યમ સપાટીનાં કર્મચારીઓ વચ્ચે અંતર વધતું જાય છે. આથી મેનેજિંગ ડિરેકટર શ્રી કલ્પેશ પટેલને લાગ્યું કે વ્યવસ્થાતંત્રમાં અસરકાર પરિવર્તન લાવવું જોઈએ, જેથી અવૈધિક સંબંધો અને અવૈધિક માહિતી સંચારનો ઉપયોગ કરી શકાય. જેને લીધે કર્મચારીઓ પણ સેહલાઈથી પરિવર્તનનો સ્વીકાર કરી શકે.

ઉપરોકત કેસમાં કયો સંચાલકીય પ્રશ્ન સમાયેલો છે ? તમારી દષ્ટિએ શું કરવું જોઈએ ?

BDP

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## વિજ્ઞાપન અને વેચાણકળા

**તારીખ : ૦૨/૦૩/૨૦૧૯** | **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** | **કુલ ગુણ : ૫૦**

---

**૧** ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. AIDA અભિગમ જણાવો.

૨. પ્રિ. ટેસ્ટિંગ ની મર્યાદાઓ જણાવો.

૩. ટીમ આધારિત વેચાણ વ્યવસ્થાતંત્ર એટલે શું ?

૪. સેલ્સમેનની નિમણૂંકની શરતો જણાવો.

૫. વેચાણ સંચાલન અન્વેષણ એટલે શું ?

**૨.** (અ) જાહેરાત અપીલ એટલે શું ? અપીલના પ્રકારોની ચર્ચા કરો. (૦૭)

(બ) "વિજ્ઞાપનની અસરકારકતાના માપનમાં અનેક મુશ્કેલીઓ રહેલી હોવા છતાં તે જરૂરી છે." - સ્પષ્ટતા કરો. (૦૬)

**અથવા**

**૨.** વિજ્ઞાપનની અસરકારકતાના માપનની પોસ્ટ-ટેસ્ટિંગ પદ્ધતિઓ સમજાવો. (૧૩)

**૩.** (અ) સેલ્સમેનને વળતર યોજનાને અસરકરતાં પરિબળોની ચર્ચા કરો. (૦૭)

(બ) વેચાણદળ કામગીરી મૂલ્યાંકનનું મહત્ત્વ સમજાવો. (૦૬)

**અથવા**

**૩.** (અ) વેચાણ ખર્ચાઓ પર અંકુશ રાખવાની પધ્ધતિઓ સમજાવો. (૦૭)

(બ) સેલ્સમેન કાર્યબોજ અભિગમ સમજાવો. (૦૬)

**૪** (અ) **ટૂંકનોંધ લખો : (કોઈપણ એક)** (૦૬)

૧. કૂપન પરત વિશ્વલેષણ પધ્ધતિ

૨. પ્રવૃતિનું ખર્ચ વિશ્લેષણ

(બ) **કેસ સ્ટડી :** (૦૮)

સુવિધા હોમ એપ્લાએન્સિસ પોતાના સેલ્સમેનને સારો પગાર આપે છે. તેના ઘણા સેલ્સમેન પાંચ આંકડાનો પગાર મેળવે છે. અને અભિવૃદ્ધિની તકો પણ સારી છે.

સુવિધા એ સેલ્સમેનને પ્રેરિત કરવા માટે એક પ્રોત્સાહન પગાર યોજના વિચારી છે જે હેઠળ કંપની સેલ્સમેનના ભેગા થયેલા વેચાણ પોઈન્ટ ને રિડિમ કરવા માટે ઘરવપરાશની વસ્તુઓ વિના મુલ્ય મેળવી શકે છે.

તેવો એક મુસાફરી યોજના પણ લાગુ કરવા માંગે છે. દેશમાં કે વિદેશમાં પ્રવાસ એ દરેકનું સ્વપ્ન હોય છે. યોજના લાગુ કરતા માલુમ પડે છે કે મુસાફરી યોજના વધુ પસંદ કરાય છે કારણ કે સેલ્સમેન પોતાના પરિવાર સાથે ફરવા જઈ શકે છે શું તમે પ્રેરણા માટે બીજા કોઈ સુચન કરવા માંગશો. ?

NST

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ : V

**તારીખ : ૦૬/૦૩/૨૦૧૯** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

સૂચના : (૧) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે. (૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે.
(૩) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

પ્રશ્ન : ૧(અ) મહેક ઈન્સ્યોરન્સ કંપની લિ. ના ચોપડામાંથી તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ નીચેની બાકીઓ લેવામાં આવી છે : (૦૫)

| વિગત | સીધા ધંધા અંગે રૂા. | પુનઃ વીમા અંગે રૂા. |
|---|---|---|
| ચૂકવવાના દાવાઓ | ૨૫,૦૦,૦૦૦ | ૧,૨૫,૦૦૦ |
| ચૂકવવાના બાકી દાવા : | | |
| ૦૧-૪-૨૦૧૭ | ૨,૦૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૮ | ૬,૦૦,૦૦૦ | ૩૫,૦૦૦ |
| મળેલ દાવાઓ | - | ૨,૦૦,૦૦૦ |
| મળવાના બાકી દાવા : | | |
| ૦૧-૪-૨૦૧૭ | - | ૨૫,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૮ | - | ૩૦,૦૦૦ |

કાનૂની ખર્ચા રૂા. ૨૦,૦૦૦ જે પૈકી રૂા. ૧૬,૦૦૦ દાવાની પતાવટ અંગેના છે.
દાવા બાદ પુનઃ વીમાની રકમ શોધો.

(બ) નીચેની બાકીઓ મુકિત ઈન્સ્યોરન્સ લિ. ના ચોપડેથી ૩૧-૧૨-૨૦૧૮નાં રોજ લેવામાં આવી છે : (૦૫)

| વિગત | સીધા ધંધા અંગે રૂા. | પુનઃ વીમા અંગે રૂા. |
|---|---|---|
| પ્રીમિયમો : | | |
| મળેલ | ૫૦,૦૦,૦૦૦ | ૪,૧૦,૦૦૦ |
| મળવાનું બાકી (૦૧-૦૧-૨૦૧૮) | ૩,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| મળવાનું બાકી (૩૧-૧૨-૨૦૧૮) | ૫,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ચુકવેલ | - | ૫,૦૦,૦૦૦ |
| ચૂકવવાનું બાકી (૦૧-૦૧-૨૦૧૮) | - | ૫૦,૦૦૦ |
| ચૂકવવાનું બાકી (૩૧-૧૨-૨૦૧૮) | - | ૭૦,૦૦૦ |

પ્રીમિયમ બાદ પુનઃ વીમાની ગણતરી કરો.

**પ્રશ્ન : ૨ તા. ૩૧-૦૩-૨૦૧૮ ના રોજ મંથન લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના હિસાબો પરથી નીચેની બાકીઓ મળે છે :** (૧૪)

| વિગત | (રૂા.) |
|---|---|
| જીવનવીમા ફંડ (૧-૪-૨૦૧૭) | ૪૦,૦૦,૦૦૦ |
| ચૂકવેલ વર્ષાસન | ૨૦,૦૦૦ |
| સરકારી જામીનગીરીઓ | ૨૦,૦૦,૦૦૦ |
| મિલકત વેચતા નફો | ૪,૦૦,૦૦૦ |
| દાવા : મૃત્યુથી | ૧,૨૦,૦૦૦ |
| મુદત પૂરી થવાથી | ૧,૮૦,૦૦૦ |
| પોલિસી પર લોન | ૬,૦૦,૦૦૦ |
| એજન્ટોની બાકી (ઉધાર) | ૪,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૬,૦૦૦ |
| મળવાનું બાકી પ્રીમિયમ | ૫૨,૦૦૦ |
| એજન્ટોને કમિશન | ૬૮,૦૦૦ |
| પ્રીમિયમ બાદ પુનઃવીમો | ૪,૦૦,૦૦૦ |
| શરણ મૂલ્ય | ૩૦,૦૦૦ |
| વ્યાજ, ડિવિડન્ડ અને ભાડું મળ્યું | ૩,૨૦,૦૦૦ |
| ફર્નિચર પર ઘસારો | ૬,૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૬૦,૦૦૦ |
| ગીરો મૂકેલ મિલકત અને ફર્નિચર | ૧,૬૪,૦૦૦ |
| પગાર | ૬,૦૦૦ |
| ઓડિટ ફી | ૫,૦૦૦ |
| ડિરેક્ટરોની ફી | ૧૦,૦૦૦ |
| કાનુની ખર્ચા | ૪,૦૦૦ |
| જાહેરાત | ૩,૦૦૦ |
| બેન્કમાં રોકડ | ૨,૮૦,૦૦૦ |
| ચૂકવવાના બાકી દાવા | ૧૬,૦૦૦ |
| પરચૂરણ દેવાદારો | ૬૬,૦૦૦ |
| કંપનીના ઈક્વિટી શેરમાં રોકાણ | ૧૨,૦૦,૦૦૦ |
| વર્ષાસન પોલિસી પર મળેલ રકમ | ૪૦,૦૦૦ |
| ચઢેલ પરંતુ મળવાનું બાકી વ્યાજ | ૬૪,૦૦૦ |
| આકસ્મિકતા અનામત | ૮,૦૦,૦૦૦ |
| વ્યાજ ડિવિડન્ડ પરનો આવકવેરો | ૪૪,૦૦૦ |
| રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ડિપોઝિટ | ૬,૦૦,૦૦૦ |

તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું મંથન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિ. નું પાકું સરવૈયું અને તે જ તારીખે પૂરા થતા વર્ષનું મહેસૂલી ખાતું તૈયાર કરો.

**અથવા**

પ્રશ્ન : ૨ (અ) તીર્થ લિ. ના તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતાં વર્ષના નફા-નુકસાન ખાંતા પરથી મૂલ્યવૃદ્ધિનું પત્રક તેમજ મૂલ્યવૃદ્ધિની વહેચણીનું પત્રક તૈયાર કરો. (૧૦)

૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું નફા નુકસાન ખાતું

| વિગત | નો. નંબર | રકમ | રકમ |
|---|---|---|---|
| વેચાણ | | | ૧૨,૮૦,૦૦૦ |
| અન્ય આવકો | | | ૧૨,૫૦૦ |
| | | | ૧૨,૯૨,૫૦૦ |
| ખર્ચા : | | | |
| ઉત્પાદન અને કામગીરી ખર્ચા | ૧ | ૮,૩૦,૦૦૦ | |
| વહીવટી ખર્ચ | ૨ | ૨૮,૭૫૦ | |
| વ્યાજ અન્ય ખર્ચ | ૩ | ૧,૦૦,૦૦૦ | |
| ઘસારો | | ૧,૨૫૦ | ૯,૬૦,૦૦૦ |
| કરવેરા પહેલા નો નફો | | | ૩,૩૨,૫૦૦ |
| કરવેરા જોગવાઈ | | | ૧૦,૦૦૦ |
| કરવેરા પછી નો નફો | | | ૩,૨૨,૫૦૦ |
| છેલ્લા ખ.સ. મુજબની બાકી | | | ૧૨,૫૦૦ |
| | | | ૩,૩૫,૦૦૦ |
| સામાન્ય અનામત | | ૧,૧૨,૫૦૦ | |
| ડિવિડન્ડ ચૂકવણી | | ૪૭,૫૦૦ | ૧,૬૦,૦૦૦ |
| | | | ૧,૭૫,૦૦૦ |
| નોંધો : | | | |
| (૧) ઉત્પાદન - કામગીરી ખર્ચા : | | | |
| કાચમાલનો વપરાશ | | ૭,૧૨,૫૦૦ | |
| સ્ટોર્સનો વપરાશ | | ૧૦,૦૦૦ | |
| સ્થાનિક કરવેરા | | ૨,૦૦૦ | |
| વહીવટી કર્મચારી પગાર | | ૫૫,૦૦૦ | |
| અન્ય ઉત્પાદન ખર્ચા | | ૫૦,૫૦૦ | ૮,૩૦,૦૦૦ |
| (૨) વહીવટી ખર્ચમાં ડિરેકટરોનાં પગાર અને કમિશનનો રૂા. ૧,૦૦૦નો સમાવેશ થાય છે. | | | |
| (૩) વ્યાજ - અન્ય ખર્ચા | | | |
| નાણાં સંસ્થા પાસેથી લાંબાગાળાની લોન | | | ૪૫,૦૦૦ |
| HDFC માંથી કાર્યશીલ મૂડી માટેની લોન | | | ૧૭,૫૦૦ |
| ડિબેન્ચર | | | ૭,૫૦૦ |
| બેન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ (કામચલાઉ છે) | | | ૩૦,૦૦૦ |
| | | | ૧,૦૦,૦૦૦ |

પ્રશ્ન : ૨ (બ) મૂલ્યવૃદ્ધિ પત્રક અને મૂલ્યવૃદ્ધિ આવકની ઉપયોગિતા પર ટૂંકનોંધ લખો. (૦૪)

પ્રશ્ન : ૩ દિપર ટ્રેડીંગ કંપનીની મુખ્ય ઓફિસ સુરતમાં છે, અને તેની શાખા પારડીમાં છે. શાખા મુખ્ય ઓફિસ પાસેથી મૂળકિમતે અમુક માલ મેળવે છે અને અમુક માલ બહારથી ખરીદે છે. શાખા તેના હિસાબી ચોપડા અલગ રાખે છે. તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજનું મુખ્ય ઓફિસ અને શાખાનું કાચુ સરવૈયું નીચે મુજબ છે. (૧૪)

| વિગત | મુખ્ય ઓફિસ | | શાખા | |
|---|---|---|---|---|
| | ઉધાર રૂા. | જમા રૂા. | ઉધાર રૂા. | જમા રૂા. |
| શેરમૂડી | - | ૨,૨૫,૦૦૦ | - | - |
| મશીનરી | ૧,૦૦,૦૦૦ | - | ૨૦,૦૦૦ | - |
| ફર્નિચર | ૨૦,૦૦૦ | - | ૧૦,૦૦૦ | - |
| નફા નુકસાન ખાતુ (૧-૪-૧૫) | - | ૩૦,૦૦૦ | - | - |
| શરૂ સ્ટોક | ૧,૦૫,૦૦૦ | - | ૧૪,૨૫૦ | - |
| દેવાદારો - લેણદારો | ૧,૨૭,૫૦૦ | ૭૫,૦૦૦ | ૭૧,૨૫૦ | ૪૫,૩૭૫ |
| રોકડ | ૨૨,૫૦૦ | - | ૭,૫૦૦ | - |
| ખરીદ-વેચાણ | ૯,૦૦,૦૦૦ | ૧૦,૫૦,૦૦૦ | ૫૦,૬૨૫ | ૧,૫૩,૭૫૦ |
| પરચૂરણ ખર્ચા | ૧,૧૨,૫૦૦ | - | ૧૬,૮૭૫ | - |
| મુ.ઓ. મોકલેલ માલ | - | ૯૦,૦૦૦ | ૮૬,૨૫૦ | - |
| ચાલુ ખાત | ૮૨,૫૦૦ | - | - | ૭૭,૬૨૫ |
| | ૧૪,૭૦,૦૦૦ | ૧૪,૭૦,૦૦૦ | ૨,૭૬,૭૫૦ | ૨,૭૬,૭૫૦ |

અન્ય માહિતી :

(૧) કાયમી મિલકતો પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણો.

(૨) શાખા અને મુખ્ય ઓફિસનાં ચાલુ ખાતે તફાવતનું કારણ માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ છે.

(૩) તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ મુખ્ય ઓફિસનો આખર સ્ટોક રૂા. ૭૫,૦૦૦ અને શાખાનો આખર સ્ટોક રૂા. ૧૫,૭૫૦ છે.

મુખ્ય ઓફિસ તથા શાખાનું ખાતાવાર વેપારખાતું ખાતાવાર નફાનુકસાન ખાતુ અને સંયુકત પાકું સરવૈયુ તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન : ૩ એક ભારતીય કંપનીની શાખા ન્યૂયોર્કમાં છે. તેનું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું કાચું સરવૈયું અને વધારની માહિતી નીચે મુજબ છે :** (૧૪)

**વધારાની માહિતી :**

(૧) ચૂકવવાની બાકી મજુરી ૧૦૦૦ $

(૨) સ્થિર મિલકતો પર ૧૦% ઘસારો ગણો.

(૩) મુખ્ય ઓફિસ દ્વારા શાખાને મોકલેલ માલ રૂા. ૩૯,૪૦,૦૦૦

(૪) મુખ્ય ઓફિસ શાખા પાસેથી રૂા. ૪૩,૦૦,૦૦૦ ની લેણી રકમ દર્શાવે છે.

(૫) તા. ૩૦-૧૦- ૨૦૧૮ ના રોજનો સ્ટોક $૫૨,૦૦૦

(૬) તા. ૧ લી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ સ્થિર મિલકતો ખરીદવામાં આવી હતી. વિનિમય

દર ૧$ = રૂા. ૩૮ હતો.

તા. ૧-૧૧-૨૦૧૭ ના રોજ વિનિમય દર ૧$ = રૂા. ૩૯

તા. ૩૦-૧૦-૨૦૧૮ ના રોજ વિનિમય દર ૧$ = રૂા. ૪૧

સરેરાશ દર ૧$ = રૂા. ૪૦

| વિગત | ઉધાર US $ | જમા US $ |
|---|---|---|
| પ્લાન્ટ -મશીનરી | ૧,૨૦,૦૦૦ | - |
| ફર્નિચર અને ફિકચર્સ | ૮,૦૦૦ | - |
| તા. ૧ લી નવેમ્બર ૧૭ ના રોજ સ્ટોક | ૫૬,૦૦૦ | - |
| ખરીદ -વેચાણ | ૨,૪૦,૦૦૦ | ૪,૧૬,૦૦૦ |
| ભારતીય કંપની તરફથી મોકલેલ માલ | ૮૦,૦૦૦ | - |
| મજૂરી | ૨,૦૦૦ | - |
| આવકમાલ ગાડાભાડું | ૧,૦૦૦ | - |
| પગાર | ૬,૦૦૦ | - |
| વીમો | ૨,૦૦૦ | - |
| ભાડું અને કરવેરા | ૧,૦૦૦ | - |
| વેપાર ખર્ચા | ૧,૦૦૦ | - |
| મુખ્ય ઓફિસનું ખાતું | - | ૧,૧૪,૦૦૦ |
| દેવદાર-લેણદાર | ૨૪,૦૦૦ | ૧૭,૦૦૦ |
| હાથ પર રોકડ | ૧,૦૦૦ | - |
| બેંક સિલક | ૫,૦૦૦ | - |
| | ૫,૪૭,૦૦૦ | ૫,૪૭,૦૦૦ |

રૂપાંતરિત કાચું સરવૈયું તથા ૩૦ ઓકટોમ્બર ૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનાં વાર્ષિક હિસાબો તૈયાર કરો.

પ્રશ્ન : ૪ (અ) માળખું, વિન્યાસ અને દેખાવના સંબંધમાં પ્રકાશિત હિસાબોમાં જોવા મળતાં આધુનિક વલણો જણાવો. (૦૬)

(બ) સંચાલનની જુદી જુદી કક્ષાએ રજૂ થતા અહેવાલની ચર્ચા કરો. (૦૬)

**અથવા**

પ્રશ્ન : ૪ (અ) પ્રગતિને લગતા ચાર્ટ અને આલેખો તથા આવકની વહેંચણી સંબંધમાં પ્રકાશિત હિસાબોમાં જોવા મળતા આધુનિક વલણો જણાવો. (૦૬)

(બ) રૂટિન અહેવાલો અને વિશિષ્ટ અહેવાલો સમજાવો. (૦૬)

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ : VI

**તારીખ : ૦૭/૦૩/૨૦૧૯** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

૧. (અ) શ્રીમતી તરાનાએ તેમના પતિ શ્રી કુમાર પાસેથી વાર્ષિક રૂા. ૧૫,૦૦૦ ની ભાડાની આવકવાળી મકાનમિલકતો બક્ષિસ તરીકે મેળવી હતી. આ ઉપરાંત શ્રી કુમારે તેમની સગીર પુત્રી દર્શિનીને રૂા. ૨,૦૦,૦૦૦ ની દાર્શનિક કિંમતની ૧૦% ની જામીનગીરીઓ પણ બક્ષિસ તરીકે આપી હતી. શ્રી કુમારની તા. ૩૧-૩-'૧૮ ના રોજ પૂરા થતાં પ્વર્ષની અન્ય કુલ આવક રૂા. ૩,૬૦,૦૦૦ હોય તો આકારણી વર્ષ ૨૦૧૮-'૧૯ માટે તેમની 'કુલ ગ્રોસ આવક' ની ગણતરી કરો. (૦૪)

(બ) શ્રી યોગેશે તેની પત્ની દામિનીને રૂા. ૩,૦૦,૦૦૦ ની કિંમતની મકાન-મિલકતો બક્ષિસ તરીકે આપી હતી. આ મિલકતોમાંથી વાર્ષિક રૂા. ૧૭,૫૬૦ ની કરપાત્ર આવક પ્રાપ્ત થતી હતી. શ્રીમતી દામિનીએ ભાડાની એકત્ર થયેલ આવકમાંથી રૂા. ૨૫,૦૦૦ ની દાર્શનિક કિંમતની સરકારી જામીનગીરીઓ ખરીદી હતી અને રૂા. ૧૫,૦૦૦ બેંક ઓફ ઈન્ડિયામાં ૧૦% ના વ્યાજે ૩ વર્ષની નિશ્ચિત મુદત્ની થાપણમાં રોકયા હતાં. (૦૬)

તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષની શ્રી યોગેશની આવકની વિગત નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| (૧) | પોતાની માલિકીની મકાન મિલકતોની કરપાત્ર આવક | રૂા. ૬૨,૫૦૦ |
| (૨) | ધંધાનો કરપાત્ર નફો | રૂા. ૩,૬૦,૦૦૦ |
| (૩) | અન્ય સાધનોની કરપાત્ર આવક | રૂા. ૧૩,૫૦૦ |

તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષની શ્રીમતી દામિનીના આવકની વિગતો નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| (૧) | બક્ષિસ તરીકે મળેલ મકાન-મિલકતોની કરપાત્ર આવક | રૂા. ૧૭,૫૬૦ |
| (૨) | નોંધાયેલા ડિબેન્ચર પર મળેલ વ્યાજની આવક (ટી.ડી.એસ. નો દર ૧૦%) | રૂા. ૧,૮૦૦ |
| (૩) | બેંકમાં મૂકેલ થાપણનું વ્યાજ | રૂા. ૧,૫૦૦ |

આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રી યોગેશ અને શ્રીમતિ દામિનીની કુલ ગ્રોસ આવકની ગણતરી કરો.

(ક) શ્રી તનસુખે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૮ માટે રજૂ કરેલી વિગતો નીચે મુજબ છે : (૦૭)

(૧) પગારની આવક ૯,૬૦,૦૦૦

(૨) શ્રી તનસુખે અગાઉના પાછલા વર્ષમાં તેમના સગીર પુત્ર દિલસુખના નામે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વાર્ષિક ૮% ના દરે રૂા. ૫,૦૦,૦૦૦ ની ફિક્સ્ટ ડિપોઝિટ મૂકી હતી (ત્રણ વર્ષની મુદતની)

(૩) શ્રી તનસુખે સગીર પુત્રીના નામે જે ધંધો ચાલે છે તે ધંધામાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂા. ૬૦,૦૦૦ ની ખોટ થઈ હતી.

BND/RDR

(પાનું ઊલટાવો)

(૪) શ્રી તનસુખે તેમનાં પત્ની તનુશ્રીને તા. ૧-૪-૨૦૧૭ ના રોજ રૂ. ૪,૦૦,૦૦૦ ની બક્ષિસ કરી હતી. શ્રીમતી તનુશ્રીએ આ અગાઉ પોતાની સ્ત્રી ધનમાંથી રૂ. ૪,૦૦,૦૦૦ ઉમેરીને એક પેઢી શરૂ કરી હતી. તા. ૧-૪-૨૦૧૭ ના રોજ શ્રીમતી તનુશ્રીનું પેઢીમાં કુલ રોકાણ રૂ. ૧૦,૦૦,૦૦૦૦નું હતું અને નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પેઢીએ રૂ. ૨,૫૦,૦૦૦ નો ચોખ્ખો નફો કર્યો હતો.

(૫) શ્રીમતી તનુશ્રીની અન્ય આવકો રૂ. ૨,૫૦,૦૦૦ ની હતી.

(૬) શ્રી તનસુખે પબ્લિક પ્રાવિડન્ટ ફંડમાં રૂ. ૯૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું.

ઉપરોકત વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રી તનસુખની કુલ કરપાત્ર આવકની ગણતરી કરો.

**અથવા**

**૧. શ્રી મનનની નીચેની માહિતી પરથી આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટે 'અન્ય સાધનોની આવક' ના શિર્ષક હેઠળ કરપાત્ર આવક શોધો :** **(૧૭)**

(૧) રૂ. ૩૦,૦૦૦ ના ૬% ના નેશનલ પ્લાન સર્ટિફિકેટસ

(૨) ૧૦% શેરબજારમાં નોંધાયેલ કરમુકત ડિબેન્ચર રૂ. ૫૪,૯૦૦

(૩) અમાન્ય પ્રાવિડન્ટ ફંડ પર વ્યાજ, માલિકે આપેલ ફાળાની રકમપર રૂ. ૧૨,૦૦૦ માલિક અને પોતાના ફાળાનું પ્રમાણ ૧:૨ હતું.

(૪) રૂ. ૫૦,૦૦૦ ના ૯% ના જીવન વિમા કોર્પોરેશનના ડિબેંચર્સ
(૧૫ મી જૂન, ૨૦૧૭ ના રોજ જીવન વીમા કોર્પોરેશનના ડિબેંચર્સ ભાવોભાવ વેચીને બનારસ કોટન મિલ્સ લિ. ના ૧૦% ના કરબાદ ડિબેંચર્સની ખરીદી કરી હતી. ખૂટતી રમકની વ્યવસ્થા રૂ. ૨૫,૦૦૦ ની વાર્ષિક ૧૨% ના વ્યાજના દરે બેન્ક લોન લીધી હતી.)

(૫) રૂ. ૭૫,૦૦૦ ની ૭.૫% ની ગુજરાત સરકારની લોન
૧૫મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ ગુજરાતી સરકારની લોન ભાવોભવે વેચી દીધી હતી. દલાલીના ૧% ચૂકવ્યા. ઉપર મુદ્દા નં. ૪ માં જણાવેલ લોન પરત કરી હતી.

(૬) મૂડી મિલકતના હસ્તાંતરમાંથી મળેલ એડવાન્સ રૂ. ૫૦,૦૦૦ કરારા ભંગબદલ જપ્ત કરવામાં આવ્યા.

(૭) વર્ષ ૨૦૧૬ મા તેમણે, તેમના અને તેમની પત્નીના નામે ૧૦% ના 'કરબાદ ડિબેન્ચર' (શેરબજારમાં નોંધાયેલા) ખરીદી અનુક્રમે રૂ. ૧,૪૦,૦૦૦ અને રૂ. ૧,૧૨,૦૦૦ કિંમતે કરી હતી. તા. ૧-૪-૨૦૧૭ ના રોજ તેની પત્નીએ પોતે મેળવેલ આવકમાંથી રૂ. ૭૦,૦૦૦ પતિના નામે ખરીદેલ ડિબેન્ચરનાં બદલામાં પતિને ચૂકવ્યા.

(૮) ૧૫૦૦ શેર્સ, રૂ. ૧૦ ના એક એવા 'બી' લિમિટેડ ના શેર્સ પર કંપનીએ તા. ૭-૭-૨૦૧૭ ના રોજ ૫૦% લેખે ડિવિડન્ડ જાહેર કર્યુ. જેની ખરીદી શેરદીઠ રૂ. ૭૫ માં કરી હતી.

(૯) ૧૫૦ 'એસ' લિમિટેડ ના ૧૦% ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ રૂ. ૧,૦૦૦ માં સીધા ભરણામાંથી તા. ૩૧-૧૦-૨૦૧૭ ના રોજ ખરીદ્યા. વ્યાજની તારીખો દર વર્ષે ૩૦ મી જૂન અને ૩૧ મી ડિસેમ્બર છે.

(૧૦) કિ-મેન વીમા પોલિસી હેઠળ મળેલ રકમ રૂા. ૨૫,૦૦૦

(૧૧) પોસ્ટ ઓફિસની મન્થલી સ્કીમ હેઠળ મળેલ વ્યાજ રૂા. ૩૩,૦૦૦

(૧૨) મળેલ આવકવેરા રીફંડ રૂા. ૪,૦૪૦ (એક મહિનાનાં વ્યાજ સહિત). વ્યાજનો દર વાર્ષિક ૧૨% છે.

(૧૩) તણે રૂા. ૫,૦૦૦ ના માસિક ભાડાથી ભાડાનું મકાન લીધું. અને આ મકાન અંગે વાર્ષિક રૂા. ૨,૫૦૦ મરામત અને નિભાવ ખર્ચ પેટે ચૂકવ્યા છે. તેણે આ મકાન ૧/૩ ભાગ પોતાના મિત્રને રૂા. ૩,૦૦૦ ના માસિક ભાડાથી પેટા ભાડે આપેલ છે. તેની પાસે પોતાની માલિકીનું મકાન પણ છે. જે રૂા. ૩,૦૦૦ ના માસિક ભાડાથી ભાડે આપેલ છે. જેના પર મરામત ખર્ચ રૂા. ૭૫૦ ચૂકવ્યા છે.

(૧૪) તેના ભત્રીજાએ રૂા. ૫૫,૦૦૦ ની કિંમતની ડાયમંડ રીંગ ભેટમાં આપી હતી.

(૧૫) પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેન્ક ખાતાનું મળેલ વ્યાજ રૂા. ૧૨,૦૦૦ (સંયુકત ખાતું છે.)

**૨. ધરમવીર, મહાવીર અને રઘુવીર એક પેઢીનાં ભાગીદારો છે. તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરાં થતાં વર્ષનું તેમની ભાગીદારી પેઢીનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છે.** **(૧૭)**

ઉધાર નફા-નુકસાન ખાતું જમા

| વિગત | | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| ઓફિસ ખર્ચા | | ૩૮,૬૨૫ | કાચો નફો | ૪,૫૨,૫૦૦ |
| ઘાલખાધ | | ૧,૨૫૦ | લાંબાગાળાનો મૂડી નફો (ગણેલ) | ૧૧,૫૦૦ |
| ઘાલખાધ અનામત | | ૧,૫૦૦ | કરબાદ ડિબેંચર્સ વ્યાજ | |
| આવકવેરો | | ૨,૦૦૦ | (ટી.ડી.એસ. ૨૦%) | ૧૬,૦૦૦ |
| ભાગીદારોનું મહેનતાણું : | | | | |
| ધરમવીર | ૧,૫૦,૦૦૦ | | | |
| મહાવીર | ૨,૨૫,૦૦૦ | | | |
| રઘુવીર | ૧૩,૭૫૦ | ૩,૮૮,૭૫૦ | | |
| વાર્ષિક ૧૩.૫% લેખે ભાગીદારોને ચુકવેલ વ્યાજ : | | | | |
| ધરમવીર | ૧૩,૫૦૦ | | | |
| મહાવીર | ૩,૩૭૫ | | | |
| રઘુવીર | ૧૮,૦૦૦ | ૩૪,૮૭૫ | | |
| માન્ય ધર્માદા ટ્રસ્ટને દાન | | ૫,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | | ૮,૦૦૦ | | |
| | | ૪,૮૦,૦૦૦ | | ૪,૮૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧. પેઢીએ કલમ : ૧૮૪ અને ૪૦ (બી) ની શરતોનું પાલન કરેલ છે.

૨. ઓફિસ ખર્ચમાં રૂા. ૬,૨૫૦ કાયદા મુજબ મજરે ન મળે તેવો ખર્ચ છે.

૩. ૧૦ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ પેઢીએ રૂા. ૧,૫૫૦ નો ચૂકવવાનો બાકી વેચાણવેરો જે પાછલા વર્ષ ૨૦૧૪-૧૫ નો હતો તે ચુકવ્યો. જેની ઉપરના નફા-નુકસાન ખાતામાં નોંધ થઈ નથી.

૪. રઘુવીરએ સક્રિય ભાગીદાર (Working Partner) નથી.

ઉપરની માહિતી પરથી આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટે પેઢીની કુલ કરપાત્ર આવકની ગણતરી કરો.